## સોશિયલ મીડિયા.કોમ

સંઘર્ષ એવો કરવો જીવનમાં,
કે જેઓ આજ તમારી મજાક કરે,
કાલે દુનિયા એમને તમારી મિસાલ આપે

●

જીવનમાં માર્ગદર્શન સાચું હોય
ત્યારે દિવાનો પ્રકાશ પણ સૂર્યનુ કામ કરી શકે છે

●

કોઈ પણ વસ્તુને અનેક વખત માપો, માપણી સરખી જ આવે
માણસની માણસાઈ જ એકમાત્ર સમયે સમયે તફાવત બતાવે છે

●

બાળકને સંબંધ બનાવતાં અને સાચવતાં શીખવાડો
કારણ કે વારસામાં ફક્ત દોલત જ મળે છે
ઓળખાણ તો જાતે જ મેળવવી પડે છે

●

મોઢામાં જીભ તો બધાય રાખે છે,
પણ કમાલ તો એ લોકો કરે છે જે એને સંભાળીને રાખે છે

●

ક્યાંક તો આપણી 'જરૂર' હશે દુનિયા માં
ઈશ્વરે અમસ્તી જ તો મહેનત નહીં કરી હોય,
આપણને 'બનાવવા' ની.

●

જીંદગી શીખવે તે શીખી લેવાય..
કયો પાઠ કયારે કામ લાગી જાય કોને ખબર..!

●

વર્ણવી પીડા મારી, હૃદય હલકું કર્યુ
સમજ્યા એ મૌન રહ્યા ને ઘણા એ તાળીઓ પાડી

●

અસ્તિત્વ ની ગણતરી કેટલી..?
જગત માંથી ગયા પછી... એક પ્રાર્થના સભા જેટલી....!!

●

શોધી જ લે છે, બધાનું સરનામું,
નસીબને ખબર જ હોય છે, કોણ ક્યાં સંતાણું...!!!

●

ક્યારેક તો થાય કે, કોની સામે હસું ??
બધાય અંદરથી તો રડે છે.
ને વળી થાય કે કોની પાસે રડું ???
બધાય બહારથી તો હસે જ છે.

●

બીજાને સુખી કરવાની ભાવના રાખનારો
કોઈ દિવસ દુઃખી થતો નથી

●

સબંધ એવા લોકો સાથે રાખો જેના માટે તમે
'કોણ છો' એ નહીં, પણ તમે 'કેમ છો' એ મહત્વનું હોય

●

શમણાઓ વિહોણી રાત નથી ગમતી મને,
માણસાઈ વિનાની વાત નથી ગમતી મને...
આપણી સામે અલગ ને લોકો સામે અલગ,
બદલાતા માણસની જાત નથી ગમતી મને..
અમુલ્ય જીવનની ક્ષણોને કેમ વેડફી નાખું.?
દુનિયાની ફાલતુ પંચાત નથી ગમતી મને...
પરિશ્રમનો પરસેવો સુકાવા નથી દેવો,
દોડતા રહેવા દો નિરાંત નથી ગમતી મને...
જેમને મળીને કંઈ પણ શીખવા ન મળે,
એવા લોકોની મુલાકાત નથી ગમતી મને...
જે પણ કહેવું હોય તે મારા મોઢા પર કહો,
સંબંધોમાં ઝેરની સોગાત નથી ગમતી મને...

**- બેફામ**

●

### ચાર સ્ત્રી અને ચાર પુરુષ

એક મનુષ્ય જંગલમાંથી પસાર થતો હતો. એને રસ્તામાં ચાર સ્ત્રીઓ મળી. પહેલી સ્ત્રીને એણે પૂછ્યું : 'બહેન, તારું નામ શું ?'

એણે કહ્યું : 'બુદ્ધિ'

'ક્યાં રહે છે ?'

'મનુષ્યના મગજમાં'

બીજી સ્ત્રીની સામે જોઈને એણે પૂછયું : 'બહેન, તારું નામ શું ?'

'લજ્જા'

'અચ્છા, તું ક્યાં રહે છે ?'

'આંખોમાં'

ત્રીજી સ્ત્રીની તરફ વળીને એણે પૂછયું : 'શું છે તારું નામ ?'

'હિંમત'

'બહેન, તું ક્યાં રહે છે ?'

'હૃદયમાં'

ચોથી સ્ત્રીને પૂછયું : 'બોલ, તારું નામ શું ?'

'તંદુરસ્તી'

'તું ક્યાં રહે છે ?'

'પેટમાં'

આ બધા ઉત્તરો સાંભળીને પ્રસન્ન મને તે આગળ ચાલ્યો. એટલામાં એને ચાર પુરુષો મળ્યા. એમાંથી એકને બોલાવીને પૂછયું :

'ભાઈ, તારું નામ શું ?'

'ક્રોધ'

'તારું રહેવાનું ?'

'મગજમાં'

'પણ મગજમાં તો બુદ્ધિ રહે છે, તું કઈ રીતે રહી શકે ?'

'જ્યારે હું આવું છું ત્યારે બુદ્ધિ ત્યાંથી વિદાય લેતી હોય છે.'

બીજા પુરુષ તરફ ફરીને એણે સવાલ કર્યો : 'તારું શું નામ ?'

'લોભ'

'તારું રહેવાનું ક્યાં ?'

'આંખોમાં'

'પણ ભાઈ, આંખોમાં તો લજ્જા રહે છે. તું કેમ રહી શકે ?

'વાત એમ છે કે જ્યારે હું આવું છું ત્યારે લજ્જા ત્યાંથી ભાગી જાય છે.'

ત્રીજા પુરુષને પૂછયું : 'તારું નામ શું ?'

'ભય'

'તું ક્યાં રહે છે ?'

'હૃદયમાં'

'અરે, હૃદયમાં તો હિંમત રહે છે. તું કેવી રીતે વસી શકે ?'

'જ્યારે હું આવું છું ત્યારે હિંમત ત્યાંથી રવાના થાય છે.'

ચોથા પુરુષને સવાલ કર્યો. 'તારું નામ શું ?'

'રોગ'

'તું ક્યાં રહે છે?'

'પેટમાં'

'અરે, પેટમાં તો તંદુરસ્તી રહે છે, તું કેવી રીતે રહી શકે ?'

'હું આવું છું ત્યારે તંદુરસ્તી ત્યાંથી ચાલી જાય છે.'

આ ચાર સ્ત્રીઓના પ્રતીકમાં ગુણ દર્શાવ્યા છે અને ચાર પુરુષોના પ્રતીકમાં દોષ દર્શાવ્યા છે. જ્યારે જીવનમાં દોષનો પ્રવેશ થાય છે ત્યારે એના પ્રતિપક્ષી ગુણો નાશ પામે છે.

**- મુનિ રાકેશકુમાર**

●

ચાહું તો ઉડાડું ઊંચા આસમાને
ને ચાહું તો ધરતી પર સ્વર્ગ બતાવું
પળમાં જિંદગી ને પળમાં મોત મારા અધિકારની વાત છે
હું શબદની રિયાસતનો ધણી છું

**- કુંતલ નિમાવત**

### સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર ખાતે

# પ્રદૂષણ રહિત દિવાળી અંગે વક્તવ્ય યોજાયું




વૈશ્વિક સમસ્યા ગ્લોબલ વોર્મિંગ અંગે વિદ્યાર્થીઓમાં જાગરૂકતા લાવવાના હેતુસર તથા શિક્ષણની સાથે સતત સંસ્કારનું ભાથું પીરસતી સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર, ચિલોડા ખાતે શનિવારે પ્રદૂષણ રહિત દિવાળી અંતર્ગત એક વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચૈતન્ય વિદ્યામંદિરમાંથી પધારેલા સચિનભાઈએ વિદ્યાર્થીઓને દિવાળી દરમિયાન ફટાકડા ના ફોડવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમણે પોતાના વક્તવ્યમાં ફટાકડા ના ફોડવાથી થતા ફાયદા અને ફટાકડા ફોડવાથી થતા નુકસાન અંગે વિવિધ ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપી હતી. અંતમાં, શાળાના પ્રિન્સિપાલે સચિનભાઈ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતાં સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ રાત્રે ૮થી ૧૦ દરમિયાન જ મર્યાદિત માત્રામાં ગ્રીન ફટાકડા ફોડવાની સલાહ વિદ્યાર્થીઓને આપી હતી.




**રાજપથ કલબ ખાતે આયોજિત રાષ્ટ્રિય હાસ્ય કવિ સંમેલનમાં રાજયપાલ ઓ.પી. કોહલીની વિશેષ ઉપસ્થિતિ**

રાજપથ કલબ ખાતે આયોજિત ૧૧માં રાષ્ટ્રિય હાસ્ય કવિ સંમેલનને રાજયપાલ ઓ.પી. કોહલીએ દિપ પ્રાગટય કરી ખુલ્લું મુક્યું હતું. આ પ્રસંગે દેશના વિવિધ રાજયોમાંથી ઉપસ્થિત થયેલાં હાસ્ય કવિઓએ મંચ પરથી રજૂ કરેલી છંદ અને તાલબદ્ધ હાસ્ય અને વ્યંગની કવિતાઓને રાજયપાલશ્રીએ માણી હતી.

આ પ્રસંગે અમદાવાદના મેયર બિજલબેન પટેલ, એ.એમ.સી.ના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અમૂલ ભટ્ટ તેમજ શહેરના અગ્રણીઓ અને રસિકજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### જે એ ઑડિટોરિયમ, અમદાવાદ ખાતે ભવન્સ કલ્ચરલ સૅન્ટર દ્વારા

# 'રાવણ વિથ ટૅન માઈન્ડ્સ' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૮

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે આવેલ ભવન્સ કલ્ચરલ સેંટરમાં સમગ્ર વર્ષ દરમ્યાન સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં એક ખાસ કાર્યક્રમ શ્રેણી 'આઉટરીચ કલ્ચરલ પ્રોગ્રામ' અંતર્ગત અનેક યુવાન અને શિક્ષા ગ્રહણ કરી રહેલા કલાકારોના જાહેર કાર્યક્રમનું આયોજન કરી યોગ્ય મંચ પૂરો પડાઈ રહ્યો છે. આ શ્રેણીના ૩૩મા જાહેર કાર્યક્રમ તરીકે ''રાવણ વિથ ટેન માઈન્ડસ'' કાર્યક્રમનું આયોજન ભારતીય વિદ્યા ભવનના જે. એ હોલમાં શનિવારના રોજ કરવામાં આવ્યું હતું.




''રાવણ વિથ ટેન માઈન્ડસ''નું નૃત્ય નિર્દેશન હર્ષલ વ્યાસ દ્વારા કરવા માં આવ્યું હતું. હર્ષલ વ્યાસે ગુરૂ શ્રી પદમ કુમાર પાસેથી કલા પ્રશિક્ષણ પ્રાપ્ત કરેલ છે ને હવે વિવિધ નૃત્ય સંસ્થાનોમાં નૃત્યપ્રધ્યાપક તરીકે ફરજ બજાવે છે. તેમની મૂળભૂત તાલીમ રોપ અને પોલ માલ્ખંબ ક્ષેત્રમાં છે, તેમણે ટેરેન્સ લુઇસ ડાન્સ કંપની અને ડિઝની ઈન્ડિયા સાથે બ્રોડવે મ્યુઝિકલમાં સૌંદર્ય અને બીસ્ટ નામના ડાન્સર તરીકે કામ કર્યુ છે.

''રાવણ વિથ ટેન માઈન્ડસ''માં રાવણને એક સામાન્ય માણસ તરીકે તેના ૧૦ અલગ વ્યક્તિત્વનું મોહરા અને નૃત્યથી નિરૂપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસ્તુતિની શરૂઆત ખુબ જ સુંદર નગારા(ડ્રમ)ના નાદ સાથે કરવામાં આવી હતી અને પછી અલગ અલગ મોહરા અને અંગભંગિમાઓ દ્વારા સુંદર સંગીત સાથે રાવણના દસ અલગ વ્યક્તિત્વની પ્રસ્તુતિ થઈ હતી.

આ કાર્યક્રમને ખૂબ જ સારા પ્રમાણમાં પ્રેક્ષકોની હાજરી અને હર્ષલ વ્યાસને પ્રેક્ષકોની ખૂબ સરાહના પણ પ્રાપ્ત થઈ હતી.

## જન્મદિને વધામણી



**અશ્વિન એ પટેલ**
**મો. ૭૬૦૦૩ ૭૯૪૪૩**



**સનાયા**
**સંદિપકુમાર રાઠોડ**

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# રેડ બુલ કાર્ટ ફાઈટ ૨૦૧૮નો રાષ્ટ્રીય ચેમ્પિયનનો તાજ રચિત બંસલે જીત્યો




ગાંધીનગર, તા. ૨૮

સિંધરોટ, બરોડામાં કાર્ટિંગ માટે આંતરરાષ્ટ્રીય રેસિંગ ટ્રેક એરડાના સ્પીડવે ખાતે શુક્રવાર, ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ રેડ બુલ કાર્ટ ફાઈટ ૨૦૧૮ની રોમાંચક રાષ્ટ્રીય ફાઈનલ જોવા મળી હતી. અલગ અલગ શહેરોમાં ઘણા બધા રોમાંચક ક્વોલિફાઈંગ રાઉન્ડ્સ પછી ૩ શહેરના ક્વોલિફાયર્સના વિજેતાઓ રેડ બુલ કાર્ટ ફાઈટ ૨૦૧૮ની રાષ્ટ્રીય ફાઈનલ્સ માટે ક્વોલિફાઈ થયા હતા અને રાષ્ટ્રીય ફાઈનલમાં તેના સ્પર્ધકોને પાછળ મૂકીને રચિત બંસલ વિજેતા નીવડ્યો હતો અને તેને રેડ બુલ કાર્ટ ફાઈટ ૨૦૧૮નો વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો. રચિત બંસલને નવેમ્બરમાં અબુ ધાબી ગ્રાન્ડ પ્રિકસ ૨૦૧૮ નામે આ વર્ષની એફ૧ ચેમ્પિયનશિપની રોમાંચક ગ્રાન્ડ ફિનાલેની સર્વ ખર્ચ સાથેની પેઈડ ટ્રિપ ઈનામમાં મળી છે. રોમાંચક રેસિંગ અનુભવ અને અનોખી એમેચર ગો કાર્ટ સ્પર્ધા રેડ બુલ કાર્ટ ફાઈટ તેની બીજી આવૃત્તિમાં વધુ ભવ્ય અને બહેતર બની છે. સ્પર્ધા સ્મેશ, મુંબઈ અને દિલ્હી ખાતે જુલાઈમાં આરંભ કરીને સપ્ટેમ્બરના અંત સુધી ક્વાલિફાયર્સ સાથે શરૂ થઈ હતી અને ૧૬+ ઉંમર શ્રેણી માટે બેન્ગલોર, હૈદરાબાદ અને ચેન્નાઈમાં મેકો કાર્ટોપિયા અને બરોડામાં એરડાઝ સ્પીડવે ખાતે વન- ડે ક્વોલિફાયર્સ બાદ રાષ્ટ્રીય ફાઈનલ આવી હતી.

રેડ બુલ એથ્લેટ અને યુરો જેકે સિરીઝમાં સ્પર્ધા કરનાર ભારતની પ્રથમ સ્ત્રી ડ્રાઈવર મીરા એરડા ઈવેન્ટમાં હાજર રહી હતી અને પોતાના એરડાઝ સ્પીડવે ખાતે રાષ્ટ્રીય ફાઈનલ્સ ખાતે સહભાગીઓનો જોશ વધારતી અને તેમને માર્ગદર્શન આપતી જોવા મળી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૧૭મો મણકો ॥**

વાત જાણે એમ હતી કે બે પિતરાઈઓ વચ્ચેના ઝઘડાની વાત હતી. એ કેસ માટે ગોરા બેરિસ્ટરને કામ સોંપાઈ ચૂક્યું હતું. પણ ગોરા બેરિસ્ટર માટે મૂંઝવણ એ હતી કે બંને ભાઈઓએ બધો જ પત્ર વ્યવહાર ગુજરાતી ભાષામાં કર્યો હતો. વળી, જે હિસાબો લખાયા હતા તે પણ દેશી નામાપદ્ધતિમાં લખાયા હતા. તેથી તેને એવા માણસની જરૂર હતી જે ગુજરાતી પણ જાણતો હોય, કાયદો પણ જાણતો હોય અને અંગ્રેજી પણ જાણતો હોય અને પોતાને સમજાવી શકે. આ બાબતમાં ગાંધીજી ફીટ થતા'તા. એટલે એમને વર્ષે ૧૦૫ પાઉન્ડના પગારે દાદા અબ્દુલ્લાએ દક્ષિણ આફ્રિકામાં બોલાવ્યા હતા.



ગાંધીજીને તો ભારતમાંથી છૂટવું હતું, એટલે જ એ દક્ષિણ આફ્રિકા ગયા હતા. ત્રણ કારણો હતા કે જેના કારણે તેઓ દક્ષિણ આફ્રિકા ગયા.

પહેલું કારણ : ભારતમાં તેમની વકીલાત સારી ચાલતી નહોતી.

બીજું કારણ : મોટાભાઈએ કહ્યું હતું કે મુંબઈમાં વકીલાત સારી ન ચાલતી હોય તો રાજકોટમાં આવી જા. હું તને થોડા કેસ તને અપાવીશ. પણ ગાંધીજીના શબ્દોમાં કહું તો 'કાઠિયાવાડી ખટપટમાં મને ફાવ્યું નહીં.'

અને ત્રીજું કારણ : મોટાભાઈએ જે પરિચિત અંગ્રેજ અમલદારને પોતાની ભલામણ કરવા કહ્યું હતું તેના દ્વારા ગાંધીજીને અપમાન સહન કરવું પડ્યું હતું, ભાઈની વાત કરવા જતાં અમલદારે તેમને દરવાજો દેખાડી દીધો હતો.

આ અપમાન થયું. ગાંધીજીના જીવનમાં પરિવર્તનો કરાવવામાં આત્મસન્માન એ બહુ મોટું તત્ત્વ રહેલું છે. આત્મસન્માનથી એના જીવનમાં ઘણાં પરિવર્તનો આવ્યાં છે.

આત્મગર્વ લેવો અને આત્મગૌરવ લેવું એ બે જૂદા શબ્દો છે, પણ આપણે ત્યાં એનો ભેદ વર્તાતો નથી. ગૌરવને નામે આપણે ઘણીવાર ગર્વને ટકાવતા હોઈએ છીએ. પણ ગૌરવ એ બીજાએ આપણને આપવાની વસ્તુ છે. આપણે સામેથી માથું લંબાવીને પહેરી લેવાની વસ્તુ નથી. જ્યારે ગર્વ એ પાડનારી વસ્તુ છે. ગર્વ એ આપણે પાળવાનું છે જ્યારે ગૌરવ એ આપણને બીજા આપે છે.

દાદા અબ્દુલ્લા ત્રણ ચોપડી ગુજરાતી ભણેલો માણસ. છતાં વ્યવહાર બરાબર સમજતો. થોડા દિવસોમાં ગાંધીજીને ખબર પડી કે ધર્મચિંતક પણ હતો, કારણ કે એમની સાથે થોડી ધાર્મિક ચર્ચાઓ પણ થઈ.

દાદા અબ્દુલ્લાએ પણ ગાંધીજીને પારખ્યા. પોતાની સાથે કામ કરનારા બધા માણસોને એ પારખતા.

એક મુનિમ ગાંધીજીને હિસાબ સમજાવતા. એમાં થોડી થોડી વારે પીએન શબ્દ આવે. એટલે ગાંધીજીએ કહ્યું, 'જરા થોભો ભાઈ. આ પીએમ એટલે શું ?' 'પ્રોમીસરી નોટ' મુનિમે કહ્યું. 'ઠીક ત્યારે. પ્રોમીસરી નોટ એ હું સમજું છું. પણ એને પીએમ કહેવાતી હશે એની મને ખબર નહીં.' દાદા અબ્દુલ્લાએ આ સંવાદ સાંભળીને નોંધ્યું કે કોઈ બીજો વકીલ હોય તો તે પોતાનું અજ્ઞાન ઢાંકવાનો પ્રયત્ન કરે, પણ આણે કહ્યું કે મને નથી સમજાતું, મને કહો. આ તો અજ્ઞાન ઢાંકવાનો પ્રયત્ન નથી કરતો, કાઢવાનો પ્રયત્ન કરે છે. દેશીનામા વિશે ગાંધીજી બહુ જાણતા નહીં. તેથી તેમણે મુનિમને પૂછ્યું હતું, 'દેશીનામું કેવી રીતે લખાય છે એ મને શીખવાડશો ?' આમ તેઓ નવું શીખવા પણ તૈયાર છે એ પણ દાદાએ નોંધ્યું. એ રીતે એમણે ગાંધીજીને જોયા. છતાં એને જરા કોર્ટ દેખાડીએ. એમ વિચારી તેમને કોર્ટ જોવા મોકલ્યા.

150 ગાંધીયાત્રા

દક્ષિણ આફ્રિકામાં ત્યારે ચાર જૂદા જુદા દેશો હતા, જે આજે ચાર પ્રાંતો છે, ચાર રાજ્યો છે.

કેસ ચાલતો હતો ટ્રાન્સવલની રાજધાની પ્રિટોરિયામાં, ત્યાં તો પછી જવાનું હતું પણ ગાંધીજી ઉતર્યા હતા નાતાલમાં તેથી તેમને ડરબનની કૉર્ટ જોવા મોકલ્યા.

ગાંધીજી માટે ત્યારે એક વટનો મુદ્દો હતો. તેઓ એમ માનતા કે જે દેશમાં જઈએ ત્યાં આપણા દેશ વિશે માઠી છાપ પડે છે એનું એક કારણ એ પણ હોય કે આપણે લોકો સરખી રીતે રહેતા નથી, આપણે સરખાં કપડાં પહેરવાં જોઈએ, જેન્ટલમેન જેવા દેખાવું જોઈએ. ગાંધીજીનો કપડાં વિશેનો ફેરફાર તો બહુ મોડો આવ્યો, પણ એ જમાનામાં એ કપડાં સારાં પહેરતા. એવાં જ કપડાં પહેરીને તેઓ કોર્ટમાં ગયા - સૂટ, બૂટ ને માથે બંગાળી ઢબની પાઘડી.

એ જમાનામાં દક્ષિણ આફ્રિકાની કોર્ટમાં એવો નિયમ હતો કે કોર્ટમાં હેટ પહેરવાની છૂટ, ફેસ પહેરવાની પણ છૂટ હતી. પણ એ સિવાય કોઈ ટોપી વગેરે ન પહેરી શકાય. ગાંધીજી એ વાતથી અજાણ ને પાઘડી પહેરીને કોર્ટમાં પહોંચી ગયા. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**